આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦૦ | ૨૦ જૂન, ૨૦૧૩, ગુરૂવાર; જ્યેષ્ઠ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કોઇ પણ માણસ જ્યાં સુધી સારા થવાનો પ્રયત્ન ન કરે ત્યાં સુધી પોતે કેટલો ખરાબ છે તે જાણી શકતો નથી

- ટોલ્સટોય

# જિલ્લામાં ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ચિંતાજનક ઘટ્યો

## બેંકોના ધિરાણમાં રૂ. ૨૦૦ કરોડનો ઘટાડો નોંધાયો : ડિપોઝીટો વધી : નવી ધિરાણ યોજનાના કદમાં વધારો કરાયો : કૃષિક્ષેત્રે ધિરાણ વધુ કરાશે : સ્વર્ણીમજયંતિ ગ્રામીણ સ્વરોજગાર યોજનામાં રાજ્યમાં પ્રથમ સ્થાને જિલ્લો : મંદીની અસરો સામાન્ય માનવીના આર્થિક વ્યવહારોમાં સ્પષ્ટ જણાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ધિરાણમાં રૂ. ૨૦૦ કરોડનો ઘટાડો થતાં જિલ્લાનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ઘટીને ૪૫ ટકા જેટલો થવા પામ્યો છે. જો કે જિલ્લામાં ડિપોઝીટોમાં રૂ. ૧૯૦૦ કરોડનો વધારો થવા પામ્યો છે.

વર્ષ ૨૦૧૨-૧૩ રમ્યાન બેંકીંગ ક્ષેત્રની કામગીરી અંગેની સમીક્ષા બાબતે આજે અધિક નિવાસી કલેક્ટર ડૉ. એમ.ડી. મોડિયાની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ હકિકતો બહાર આવવા પામી છે.

જિલ્લામાં પણ મંદીની અસરો જોવા મળી છે અને ધિરાણમાં રૂ. ૨૦૦કરોડનો જંગી ઘટાડો નોધાયો છે. બીજી તરફ બચત તરફ વળેલા લોકોએ થાપણોમાં વધુ રસ દાખવી અને આર્થિક સલામતીનો માર્ગ અપનાવતાં બેંકોની થાપણોમાં રૂ. ૧૯૦૦ કરોડનો વધારો ગત નાણાંકીય વર્ષમાં નોંધાયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સૂચના છે કે દરેક જિલ્લામાં ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ૫૦ ટકાથી નીચે ન જાય તે માટે પુરતી કાળજી લેવામાં આવે.

મળતી વિગતો પ્રમાણે અગ્રતા ધરાવતા ધિરાણ ક્ષેત્રમાં ૩૯ ટકા જેટલું જ ધિરાણ નોંધાયું છે. જિલ્લાનો વાર્ષિક ધિરાણ પ્લાન જે રૂ. ૧૪૮૨.૬૭ કરોડનો નિયત કરાયો હતો તેની સામે માત્ર ૧૧૪૨.૫૭ કરોડનું જ ધિરાણ વર્ષ દરમ્યાન થયું છે. પ્રાથમિક ક્ષેત્રમાં ૭૭ ટકા જેટલુ ધિરાણ થવા પામ્યુ છે.

જિલ્લાએ મંદીના આ સમયમાં પણ સ્વર્ણીમ જયંતિ ગ્રામીણ સ્વરોજગાર યોજનામાં ૧૩૩ ટકા જેટલી સિદ્ધઈ મેળવી રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તો રાજ્ય સરકારની બાજપાઈ બેંકેબલ યોજનામાં પણ ૧૦૦ ટકા ધિરાણ કરવામાં સફળતા મેળવી છે. સ્વર્ણીમ જયંતિ શહેરી સ્વરોજગાર યોજનામાં ૮૫ ટકા જેટલું ધિરાણ લક્ષ્યાંક સામે થયું છે. મહિલા આર્થિક વિકાસ નિગમની યોજનામાં ધિરાણ ૬૨ ટકા જેટલું થયું છે.

જિલ્લાના અર્થતંત્રને મંદીની અસરોથી મુક્ત રાખવા માટેના ભરપૂર પ્રયાસો વચ્ચે પણ ધિરાણ ઘટતાં તેની સીધી અસર ક્રેડીટ ડિપોઝીટ રેસિયો પર પડી છે.

આજની આ બેઠકમાં સરકારની વિવિધ સહાયની યોજનાના લક્ષ્યાંકો ૧૦૦ ટકા સિદ્ધ થાય તે જોવા માટે જણાવવામાં આવ્યુ હતું. આ ઉપરાંત ઈ.બી.ટી. યોજનાના અમલીકરણની તૈયારીઓ પૂરજોશથી શરૂ કરવા માટે પણ બેંકોને જરૂરી સૂચના ડૉ. મોડિયાએ આપી હતી.

આજે મળેલી આ બેઠકમાં જિલ્લાનો ૨૦૧૩-૧૪નો જે ધિરાણ પ્લાન બનાવવામાં આવ્યો છે તેમાં સુધારો કરવા માટે અને ખાસ કરીને કૃષિક્ષેત્રે ધિરાણ વધુ થાય તે માટે ભારત સરકારે આપેલી સૂચનાઓને પગલે સુધારેલો ધિરાણ પ્લાન પણ રજુ કરાયો હતો અને તેને બહાલી આપવામાં આવી હતી.

આ બેઠકમાં જે નવો ધિરાણ પ્લાન તૈયાર કરાયો તેમાં કૃષિ ક્ષેત્રે ધિરાણ માટે જે જે ૯૪૮ કરોડનું આયોજન હતુ તેમાં રૂ. ૩૦ કરોડનો વધારો કરી હવે રૂ. ૯૭૮ કરોડ જેટલુ આયોજન સૂચવવામાં આવ્યું છે. જ્યારે અન્ય ક્ષેત્રોના લક્ષ્યાંકોમાં કોઈ મોટો ફેરફાર સૂચવવામાં આવ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.

આજની આ બેઠકમાં ૮ ખાનગી બેંકોની ૨૭ જેટલી શાખાઓમાં ધિરાણની કામગીરીમાં વધારો થયેલો જોવા મળ્યો હતો. ખાનગી બેંકોનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ૫૬ ટકા જેટલો નોંધાયો છે.

જિલ્લામાં વિવિધ બેંકોમાં ખાતા ખોલવાની તેમજ નવી શાખાઓ શરૂ કરવા અંગેની કામગીરીમાં થયેલ પ્રગતિ બાબતે પણ સમીક્ષા કરવામાં આવી હતી.

ડૉ. મોડિયાના અધ્યક્ષપદે મળેલ આજની બેઠકમાં દેનાબેંકના ઝોનલ મેનેજરશ્રી મહેન્દ્રભાઈ શાહ, નાબાર્ડના પ્રતિનિધિશ્રી નાગભૂષણ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શ્રી સહેદાની, ગ્રામવિકાસ એજન્સીના નિયામક શ્રી પ્રકાશ મકવાણા, લીડબેંક મેનેજર શ્રી અનિલ પુરોહિત, રિઝર્વ બેંકના પ્રતિનિધિ શ્રી ગુરનાની ઉપરાંત વિવિધ બેંકના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના યાત્રિકનું કેદારનાથમાં મૃત્યુ

## જય અંબે પરિવારના ખજાનચી ધીરૂભાઈ પટેલનું ગૌરીકુંડ પાસેના ફાટા કેમ્પ ખાતે હૃદયરોગના હુમલામાં કરૂણ મૃત્યુ : ગાંધીનગરના ૧૪ યાત્રિકો ગુપ્તકાશી, ૧૨ ગૌરીકુંડ અને ૫ ફાટા કેમ્પમાં સલામત છે : જ્યારે મોટા બાર સમાજના તમામ સભ્યો ઉત્તરકાશીમાં સલામત છે : જળપ્રપાતમાં ફસાયેલ યાત્રાળુઓના પરિવારજનો ભારે ચિંતામાં : સ્વજનોની સહિસલામતી માટે પ્રાર્થના અને અખંડધૂન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરથી ચારધામની યાત્રાએ ગયેલા સરકારી કર્મચારી શ્રી ધીરૂભાઈ પટેલનું ગૌરીકુંડ ખાતે હૃદયરોગના હુમલામાં દુઃખદ અવસાન થયું છે.

સે. ૧૨-સીમાં રહેતા શ્રી ધીરૂભાઈ પટેલ જયઅંબે પરિવારના ખજાનચી પદે હતા.

ઉત્તરાખંડમાં આવેલા જળપ્રલયમાંથી આબાદ રીતે બચી અને ગૌરીકુંડ પહોંચેલા ધીરૂભાઈને ગઈકાલે રાત્રે હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને તે જીવલેણ નીવડ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરના ૩૧ જેટલા યાત્રિકો પૈકી ૧૪ જેટલા યાત્રિકો ગુપ્ત કાશી ખાતે, ગૌરીકુંડ ખાતે ૧૨ અને ગૌરીકુંડથી ૨૦ કિ.મી. દૂર આવેલા ફાટા કેમ્પ ખાતે પાંચ જેટલા યાત્રિકો હોવાના અહેવાલો છે જે સલામત છે.

મળતા અહેવાલો પ્રમાણે મોટા બાર સમાજના કેટલાક પરિવારો પણ ચારધામની યાત્રાએ ગયેલા છે અને આ પરિવારો ઉત્તરકાશીમાં સલામત છે.

ધીરૂભાઈ પટેલ ટેકનીકલ શિક્ષણ બોર્ડમાં ફરજો બજાવતા હતા. તેમના મૃત્યુના સમાચાર આજે પાટનગરમાં પ્રસરતાં જ સરકારી કર્મચારીઓમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. તેમના પરિવારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ધીરૂભાઈની અંતિમ વિધિ પણ ત્યાં જ કરવામાં આવનાર છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી ગયેલા યાત્રિકોનો ધીરે ધીરે સંપર્ક શરૂ થઈ રહ્યો છે. જો કે કેદારનાથ અને આસપાસના વિસ્તારોમાં બચાવની કામગીરી પૂરજોશમાં ચાલુ છે.

ફોક્સ લાઈફ બેરી
બુકસ્ટોર, એ.સી. લાઈબ્રેરી, કોફી શોપ અને સ્ટેશનરી
પુસ્તકો અને સ્ટેશનરી મેળો નું વિશાળ વેચાણ
તા. : 31/05/2013 થી 16/06/2013
10% થી 40% ડિસ્કાઉન્ટ

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૭૧૪૧૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧




